# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1) આસામમાં છ લાખ 30 હજારથી વધુ લોકો પૂરથી અસરગ્રસ્ત. રાજ્યમાં મૃત્યુઆંક વધીને 12 પર પહોંચ્યો

2) રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મુએ લદ્દાખ સ્વાયત્ત પર્વતીય વિકાસ પરિષદ સુધારા નિયમન નિયમ અને લદ્દાખ સત્તાવાર ભાષા અધિનિયમને મંજૂરી આપી

3) રેપો રેટમાં ઘટાડા અંગે નિર્ણય સહિતના મુદ્દાની ચર્ચા માટે ભારતીય રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટીની બેઠક યોજાઈ.

4) લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના નેતા લી જે-મ્યુંગે આજે દક્ષિણ કોરિયાના 21મા રાષ્ટ્રપ્રમુખ તરીકે શપથ લીધા.

5) IPLમાં પહેલી વખત વિજેતા બનેલી RCBની ટીમનું આજે બેંગલુરૂમાં મુખ્યમંત્રી સ્વાગત કરશે - ટ્રોફી સાથે વિજયયાત્રા યોજાશે.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# ASSAM FLOODS

આસામમાં પૂરની સ્થિતિ વણસી છે. રાજ્યના 21 જિલ્લાઓમાં છ લાખ 30 હજારથી વધુ લોકો પ્રભાવિત થયા છે, જ્યારે 12 લોકોના મોત થયા છે. છેલ્લા 24 કલાકમાં પૂર સંબંધિત ઘટનાઓમાં છ લોકોએ જીવ ગુમાવ્યા છે. રાજ્ય સરકારે બચાવ કામગીરી માટે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ NDRF અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ SDRF ને તૈનાત કર્યા છે.

સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ: AMINUL)

. . . . . . . . . . . . . . . .

# PREZ - WOMEN SEAT RESERVATION

રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મુએ લદ્દાખ સ્વાયત્ત પર્વતીય વિકાસ પરિષદ અધિનિયમ 1997માં વધુ સુધારા માટે લદ્દાખ સ્વાયત્ત પર્વતીય વિકાસ પરિષદ સુધારા નિયમન નિયમો, 2025ને મંજૂરી આપી છે, જેથી કુલ બેઠકોના ત્રીજા ભાગ મહિલાઓ માટે અનામત રાખવામાં આવે.

આ સુધારા હેઠળ, આ બેઠકો દરેક અલગ-અલગ પ્રાદેશિક મતવિસ્તારને જાહેરનામા દ્વારા રોટેશન ના માધ્યમથી ક્રમિક નંબરો પર ફાળવવામાં આવશે. લદ્દાખ સ્વાયત્ત પર્વતીય પરિષદ લેહ અને કારગિલ જિલ્લામાં શાસન માટેની વૈધાનિક સંસ્થા છે, જેની સામાન્ય પરિષદમાં ત્રીસ સભ્ય છે.

. . . . . . . . . . . . . . . .

# LADAKH - OFFICIAL LANG. NOTIFICATION

રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મુએ લદ્દાખ સત્તાવાર ભાષા અધિનિયમ 2025 ને મંજૂરી આપી દીધી છે અને તે સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશમાં અમલમાં આવ્યો છે. કાયદા અને ન્યાય મંત્રાલયે ગઈકાલે આ કાયદાને સૂચિત કર્યો હતો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં તમામ સત્તાવાર હેતુઓ માટે ઉપયોગમાં લેવાતી અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ, ભોટી અને પુરગીને સત્તાવાર ભાષાઓ તરીકે માન્યતા આપી હતી. આ કાયદાના અમલ પહેલા સરકારી કામકાજ માટે અંગ્રેજી ભાષાનો ઉપયોગ થતો હતો.

. . . . . . . . . . . . . . . .

# DAY ALL PARTY DELEGATION

આતંકવાદ સામે ભારતના સૈદ્ધાંતિક અને દૃઢ વલણનો સંદેશ લઈને વિદેશ ગયેલા સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળોમાંથી, ચાર પ્રતિનિધિમંડળો હવે સંબંધિત દેશોની સફળ મુલાકાત પૂર્ણ કરીને ભારત પરત ફર્યા છે. મુલાકાત દરમિયાન, પ્રતિનિધિમંડળોએ તેમના આંતરરાષ્ટ્રીય સંપર્કના ભાગરૂપે વિદેશી નેતાઓ, વરિષ્ઠ અધિકારીઓ, અને મીડિયા સાથે વાતચીત કરી.

શિવસેના સાંસદ શ્રીકાંત શિંદેના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ આજે સવારે નવી દિલ્હી પહોંચ્યું. તેણે યુએઈ, લાઇબેરિયા, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો અને સિએરા લિયોનની મુલાકાત લીધી હતી.

NCP (SP) સાંસદ સુપ્રિયા સુળેના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ આજે સ્વદેશ પરત ફરશે. આ પ્રતિનિધિમંડળ કતાર, દક્ષિણ આફ્રિકા, ઇથોપિયા અને ઇજિપ્તની મુલાકાત લીધા પછી પરત ફરી રહ્યું છે.

ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદના નેતૃત્વમાં સંસદીય પ્રતિનિધિમંડળ હાલમાં બેલ્જિયમના બ્રસેલ્સમાં યુરોપિયન યુનિયનના મુખ્યમથકની મુલાકાતે છે. દરમિયાન, કોંગ્રેસના સાંસદ ડૉ. શશિ થરૂરના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ વોશિંગ્ટન ડીસી પહોંચ્યું હતું.

. . . . . . . . . . . . . . .

# RBI - MPC

ભારતીય રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટીની બેઠક આજે રેપો રેટમાં ઘટાડા અંગે નિર્ણય લેવા માટે શરૂ થઈ હતી. RBIના ગવર્નર સંજય મલ્હોત્રાની અધ્યક્ષતામાં સમિતિનો નિર્ણય શુક્રવારે જાહેર કરવામાં આવશે. અર્થશાસ્ત્રીઓ અને ઉદ્યોગ નિષ્ણાતો અનુસાર, સેન્ટ્રલ બેંક રેપો રેટમાં 25 બેસિસ પોઇન્ટનો ત્રીજો ઘટાડો કરીને 5.75 ટકા કરે તેવી શક્યતા છે.

ભારતીય રિઝર્વ બેંક-SBIના એક નવા અહેવાલમાં જૂનની RBI MPC નીતિમાં 50 બેસિસ પોઇન્ટનો મોટો ઘટાડો પણ દર્શાવવામાં આવ્યો છે. રિઝર્વ બેન્કે અગાઉની બે નાણાકીય નીતિ સમીક્ષાઓમાં રેપો રેટમાં 50 બેસિસ પોઇન્ટનો ઘટાડો કરીને તેને ઘટાડીને છ ટકા કરી દીધો છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# RUPEE

આજે વેપારના આરંભે વિદેશી ભંડોળના પ્રવાહ વચ્ચે અમેરિકન ડોલર સામે રૂપિયો 25 પૈસા ઘટીને 85.86 પર બંધ થયો. આંતરબેંક વિદેશી વિનિમય પર, રૂપિયો 85.69 પર નબળા સ્તરે ખુલ્યો અને શરૂઆતના વેપારમાં અમેરિકન ચલણ સામે 25 પૈસા વધુ ઘટીને 85.86 પર બંધ થયો.

. . . . . . . . . . . . . . . .

# SOUTH KOREA - PREZ

લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના નેતા લી જે-મ્યુંગે આજે દક્ષિણ કોરિયાના 21મા રાષ્ટ્રપ્રમુખ તરીકે શપથ લીધા. તેઓ પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરશે. દક્ષિણ કોરિયાના રાષ્ટ્રીય ચૂંટણી પંચે આજે સવારે એક બેઠક યોજી હતી અને ગઈકાલે યોજાયેલી રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં લીની જીતની સત્તાવાર જાહેરાત કરી હતી. તેમના નજીકના હરીફ રૂઢિચુસ્ત પીપલ પાવર પાર્ટીના કિમ મૂન-સૂ હતા.

ભૂતપૂર્વ રૂઢિચુસ્ત નેતા યુન સુક-યોલને માર્શલ લો લાદવાના નિષ્ફળ પ્રયાસ બદલ હાંકી કાઢવામાં આવ્યા બાદ આ મતદાન યોજાયું હતું. રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં વિજય મેળવ્યા બાદ શ્રી લીએ તેમના સમર્થકો સાથે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે તેમનું પહેલું મિશન બળવાને દૂર કરવાનું રહેશે. શ્રી લીએ કહ્યું હતું કે તેમની સરકાર વ્યવહારિક વેપારલક્ષી સરકાર હશે.

. . . . . . . . . . . . . . . .

# PM - KOREAN PREZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લી જે-મ્યુંગને દક્ષિણ કોરિયા પ્રજાસત્તાકના રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાવા બદલ અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં,

શ્રી મોદીએ કહ્યું કે તેઓ ભારત-કોરિયા વિશેષ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ વિસ્તૃત અને મજબૂત કરવા સાથે મળીને કામ કરવા આતુર છે.

. . . . . . . . . . . . . . . .

# BENGALURU-RCB HEROES

ગઈકાલે રાત્રે અમદાવાદમાં IPL જીતનારા RCBની ટીમની બેંગલુરુ આતુરતાથી રાહ જોઈ રહ્યું છે. વિજેતા ટીમ બપોરે બેંગલુરુ પહોંચી રહી છે. તેઓ એક વિજયયાત્રામાં ભાગ લેશે અને રાજ્ય વિધાનસભાની પ્રતિષ્ઠિત બેઠક, વિધાન સૌધા પહોંચશે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, નાયબ મુખ્યમંત્રી ડી કે શિવકુમાર અને અન્ય મહાનુભાવો વિજયી ટીમના સભ્યોનું સ્વાગત કરશે અને બેંગલુરુમાં RCB ચાહકો સાથે આનંદ સાથે વિધાન સૌધા સામે તેમનું સન્માન કરશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે ગઈકાલે રાત્રે શહેરમાં શરૂ થયેલી ઉજવણી આજે પણ ચાલુ છે, જેમાં ચાહકો શેરીઓ અને ખૂણાઓ પર ઢોલ વગાડી રહ્યા છે અને ફટાકડા ફોડી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . .

# P K MISHRA-GENEVA

પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી. કે. મિશ્રાએ ગઈકાલે જીનીવામાં 8મા આપત્તિ જોખમ ઘટાડવા માટેના વૈશ્વિક મંચ દરમિયાન વૈશ્વિક આપત્તિ પ્રતિકારક પ્રયાસો પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ડૉ. મિશ્રાએ નોર્વેના આંતરરાષ્ટ્રીય વિકાસ માટેના નાયબ મંત્રી સ્ટાઇન રેનેટ હેઇમ સાથે ઉત્પાદક ચર્ચા કરી હતી અને આપત્તિ જોખમ ઘટાડામાં આંતરરાષ્ટ્રીય સહકારના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે મંચના ઉદ્ઘાટન સમારોહમાં પણ ભાગ લીધો હતો, જેમાં આપત્તિ તૈયારી અને સ્થિતિસ્થાપકતા-નિર્માણ માટે ભારતના સક્રિય અભિગમ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો અને સુરક્ષિત તેમજ વધુ સ્થિતિસ્થાપક ભવિષ્ય માટે ભાગીદારીને મજબૂત બનાવવા માટેના ભારતના પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . .

# HAJ PILGRIMAGE

આજથી શરૂ થયેલી વાર્ષિક પાંચ દિવસીય હજ યાત્રા માટે ભારત સહિત વિશ્વભરમાંથી લગભગ 1.8 મિલિયન યાત્રાળુઓ સાઉદી અરેબિયાના મીના ખાતે એકત્રિત થઈ રહ્યા છે. યાત્રાળુઓએ પવિત્ર શહેર મક્કાથી મીનાના તંબુ-નગરીમાં ભેગા થવા તેમની યાત્રા શરૂ કરી હતી. તેઓ ત્યાં રાત વિતાવશે અને આવતીકાલે પરોઢિયે હજની મુખ્ય વિધિ માટે અરાફાતના મેદાનો તરફ પ્રયાણ કરશે, અને પ્રાર્થનાઓ વાંચશે.

અગાઉ, લઘુમતી બાબતોના મંત્રાલયે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે, દરેક ભારતીય હજ યાત્રાળુ માટે આરામદાયક અને ગૌરવપૂર્ણ મુસાફરી સુનિશ્ચિત કરવાનો મંત્રાલયનો સતત પ્રયાસ છે. "હજ સુવિધા" મોબાઇલ એપ્લિકેશન દ્વારા, ભારતીય યાત્રાળુઓને માહિતી અને ફરિયાદ રિપોર્ટિંગ સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . .